સંતરામપુર નગરપાલિકા મંજુરી છતાં કાચા-પાકા દબાણો હટાવવામાં લાચાર

સંતરામપુરમાં બસ સ્ટેશનથી કારગિલ પંપ સુધીનો રસ્તો બિસ્માર બની ગયો !

ભૂગર્ભ ગટર અને વીજ થાંભલા હટાવ્યા છતાં નવીનીકરણ અટક્યું



(પ્રતિનિધિ) સંતરામપુર તા.૪

સંતરામપુર નગરમાં બસ સ્ટેશન (ગોધરા ભાગોલ) ચોકડીથી કોલેજ રોડ થઈ કારગિલ પેટ્રોલ પંપ સુધીના માર્ગની અત્યંત કથળેલી હાલત નગરજનો અને વેપારીઓ માટે ભારે પરેશાનીનું કારણ બની છે. આ માર્ગના નવીનીકરણ માટે સરકારી મંજૂરી, પ્લાન-એસ્ટિમેટ અને કોન્ટ્રાક્ટ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, સંતરામપુર નગરપાલિકા અને વહીવટી તંત્રની ઘોર બેદરકારીના કારણે નવીન રોડનું નિર્માણકાર્ય શરૂ થઈ શક્યું નથી. દિવાળીના મોટા તહેવાર પૂર્વે જ આ બિસ્માર માર્ગનું નિર્માણકાર્ય શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે સ્થાનિકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સંતરામપુર નગરના આ મહત્વના માર્ગને 'વિકાસપથ' તરીકે વિકસાવવા માટે બંને બાજુ ફૂટપાથ, વચ્ચે ડિવાઈડર, પૂરતી સ્ટ્રીટ લાઈટ તેમજ માર્ગને પહોળો કરવાનું મંજૂર કરવામાં આવ્યું હતું. આ કામગીરીના ભાગરૂપે વર્ષ ૨૦૨૬ના ચોમાસા દરમિયાન સંતરામપુર નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટર લાઈન નાખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. તે ઉપરાંત રોડ પર નડતરરૂપ વીજ થાંભલાઓ ખસેડવાની કામગીરી પણ પૂરી કરી દેવાઈ છે.

આટલું જ નહીં, માર્ગની આજુબાજુ આવેલા કાચા તેમજ પાકા દબાણોની નિયમાનુસાર માપણી અને સર્વે પણ કરી લેવામાં આવ્યો છે. આમ છતાં, કોઈની પણ શેહશરમ રાખ્યા વગર તટસ્થ રીતે આ દબાણો દૂર કરવામાં સંતરામપુર નગરપાલિકા અને તાલુકા વહીવટી તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે. વહીવટી તંત્રની આ નિષ્ક્રિયતાના કારણે મંજૂર થયેલા નવીન વિકાસપથનો લાભ નગરજનોને આજદિન સુધી મળી શક્યો નથી.

હાલમાં તૂટેલા માર્ગ પરથી વાહનોની પુષ્કળ અવરજવરના કારણે આખો દિવસ ધૂળની ડમરીઓ ઊડે છે. જેના લીધે આસપાસના સ્થાનિક વેપારીઓ, દુકાનદારો, રહીશો અને રાહદારીઓનું જીવવું મુશ્કેલ બન્યું છે. ધૂળના કારણે આરોગ્ય સંબંધિત સમસ્યાઓ ઊભી થવાની ભીતિ સેવાઈ રહી છે, તેમજ તૂટેલા રસ્તાના લીધે અકસ્માત થવાનો ભય સતત તોળાઈ રહ્યો છે.


કપડવંજમાં ૬,૦૦૦ દિવડાંના પ્રાગટ્ય સાથે 'દીપોત્સવ'ની ભવ્ય ઉજવણી



કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સી. એન. વિદ્યાલયમાં આચાર્ય જે.જી. પટેલની પ્રેરણાથી સંકુલમાં હકારાત્મક ઊર્જા અને એકતાનો સંદેશ આપવા 'દીપોત્સવ' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે શાળાના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને તમામ કર્મચારીઓએ છેલ્લા એક અઠવાડિયાથી એકત્ર કરેલા કોડિયા, તેલ અને દિવેટ વડે સમગ્ર વિદ્યાલય પરિસરને રોશન કર્યું હતું. કેળવણી મંડળના પ્રમુખ ડો. હરીશભાઈ કુંડલિયા, મંત્રી અનંતભાઈ શાહ તથા આચાર્યના હસ્તે દીપ પ્રાગટ્ય કરી એકસાથે ૬,૦૦૦ દીવડાઓ પ્રજ્વલિત કરવામાં આવ્યા હતા. આ દિવ્ય પ્રસંગને નિહાળવા કપડવંજ અને આસપાસના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

તસવીર : હરિશ જોષી

આણંદના રેલ્વેની ઇલેક્ટ્રિક ડીપીમાં આગ



આણંદના ઇસ્માઇલનગર બ્રિજના છેડે નવા ગરનાળા પાસે રેલ્વેની ઇલેક્ટ્રિક ડીપીમાં આકસ્મિક આગ લાગ્યા અંગેનો કોલ ફાયર વિભાગને મળ્યો હતો. આથી, ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી ડ્રાઇવર હર્ષિલ પટેલ તથા ફાયરમેન વિશાલ ભુરીયા, તુષાર ભુરીયા, કૌશિક માછી અને વનરાજ ડામોરની ટીમ મીની ફાઇટર સાથે તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે તાત્કાલિક વીજ કંપનીને જાણ કરી વીજળીનો સપ્લાય બંધ કરાવ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

માર્ગ પર રાજ્ય બહારના ભારે વાહનોની અવરજવરથી ટ્રાફિક સમસ્યા વિકટ બની

કપડવંજ શહેરમાંથી પસાર થતા ભારે વાહનોને પ્રવેશ પર પ્રતિબંધ

સવારે 8 થી રાત્રે 9 વાગ્યા સુધી નો-એન્ટ્રી, વૈકલ્પિક માર્ગો જાહેર કરાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

કપડવંજ શહેરમાંથી પસાર થતા સ્ટેટ હાઈવે 59 પર ટ્રાફિકની ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આગામી 4 નવેમ્બર 2026 થી 2 જાન્યુઆરી 2027 સુધી દિવસ દરમિયાન ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકતો આદેશ જારી કરવામાં આવ્યો છે. આ હુકમ મુજબ સવારના 8 થી રાત્રિના 9 કલાક સુધી શહેરમાં ભારે વાહનો પ્રવેશી શકશે નહીં, જ્યારે રાત્રિના 9 થી સવારના 8 વાગ્યા દરમિયાન વાહનો પસાર થઈ શકશે.

કપડવંજ શહેરના મુખ્ય બજાર, બસ સ્ટેશન, કોમર્શિયલ કોમ્પ્લેક્ષ અને માર્કેટયાર્ડ વાળા માર્ગ પર રાજ્ય બહારના ભારે વાહનોની અવરજવરથી ટ્રાફિક સમસ્યા વિકટ બની હતી. સ્થાનિક નાગરિકો, આગેવાનો અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની રજૂઆતો બાદ ખેડા-નડિયાદ પોલીસ અધિક્ષકની દરખાસ્તને આધારે ગુજરાત પોલીસ અધિનિયમ 1951 ની કલમ 33 હેઠળ આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

કપડવંજ અને કઠલાલના સ્થાનિક વિસ્તારોમાં માલ-સામાનની હેરાફેરી કરતા ભારે વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ 1951 ની કલમ 131 અને ભારતીય ન્યાય સંહિતા 2023 ની કલમ 223 હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

જાહેર કરાયેલા વૈકલ્પિક માર્ગો

મોડાસા-બાયડથી નડિયાદ/કઠલાલ તરફ: વાહનો રેલીયા પાંખીયાથી કાપડીવાવ, લાડવેલ ચોકડી, અમદાવાદ-ઇન્દોર રોડ અને કઠલાલ બાયપાસ થઈને જઈ શકશે.

નડિયાદથી મોડાસા તરફ: વાહનો કઠલાલ બાયપાસ, અમદાવાદ-ઇન્દોર રોડ, લાડવેલ ચોકડી, કાપડીવાવ અને રેલીયા પાંખીયા થઈ આગળ વધી શકશે.

ગાંધીનગર તરફથી આવતા વાહનો: બોબા ચોકડીથી આતરસુંબા, નવાગામ નિધિ પેટ્રોલ પંપ, મહમદપુરા બાયપાસ અને કઠલાલ ચોકડી થઈ અમદાવાદ-ઇન્દોર રોડ પરથી લાડવેલ ચોકડી તરફ જઈ શકશે.

અખરોટના નમૂના સબસ્ટાન્ડર્ડ નીકળતા ₹૫.૫૦ લાખનો દંડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૪

ખેડા-નડિયાદ ખાતે અન્ન સલામતી તથા જાહેર આરોગ્યની જાળવણીના ભાગરૂપે એડજ્યુડિકેટિંગ ઓફિસર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. બી. દેસાઈ દ્વારા ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ, ૨૦૦૬ હેઠળ અખરોટના નમૂનામાં ગુણવત્તાની ખામીઓ જણાતાં ઉત્પાદક, વેપારી અને પેકર સહિત ચાર સામાવાળાઓ સામે કુલ રૂ. ૫.૫૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

નડિયાદમાં તપાસ કાર્યવાહી દરમિયાન સેન્ટ્રલ ફૂડ સેફ્ટી ઓફિસર પ્રગથીશ એસ. દ્વારા મે. મીમાંસા ઈન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડના ઉત્પાદન એકમ ખાતેથી અખરોટના ૧ કિલોગ્રામના નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂના પરીક્ષણ અર્થે નેશનલ ફૂડ લેબોરેટરી, નવી મુંબઈ ખાતે મોકલવામાં આવ્યા હતા. લેબોરેટરીના પરીક્ષણ રિપોર્ટમાં અખરોટના ક્ષતિગ્રસ્ત એકમો તથા જીવાતથી નુકસાન પામેલા એકમોનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધુ જણાતાં નમૂનો 'સબસ્ટાન્ડર્ડ' જાહેર કરવામાં આવ્યો હતો.

આ કેસમાં સંબંધિત પક્ષકારોને સુનાવણીની તક આપ્યા બાદ, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ૨૦૦૬ની કલમ ૫૧ હેઠળ વિશાલ બંદુજી બોબડે (ઉત્પાદક પેઢીના માલિક): રૂ. ૨.૫૦ લાખ, મે. મીમાંસા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. (ઉત્પાદક પેઢી): રૂ. એક લાખ, મે. મારુતિ એન્ટરપ્રાઈઝ (જથ્થાબંધ વેપારી): રૂ. એક લાખ અને મે. હંસરાજ એક્સપોર્ટ્સ (પેકર): રૂ. એક લાખ મળી કુલ રૂ. ૫.૫૦ લાખનો દંડ ફટકાર્યો છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદમાં સતર્કતા જાગૃતિ સપ્તાહ અંતર્ગત પ્રામાણિકતા અને પારદર્શિતાના શપથ લેવાયા

નડિયાદ | ભ્રષ્ટાચાર મુક્ત સમાજ અને પ્રશાસનમાં પારદર્શિતા લાવવાના ઉદ્દેશ્ય સાથે 'સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૨૬' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત તમામ અધિકારીઓ, કર્મચારીએ જાહેર જીવનમાં નિષ્ઠા, પ્રામાણિકતા અને નૈતિક મૂલ્યો જાળવી રાખવાના શપથ લીધાં હતાં. વહીવટી પ્રક્રિયામાં જવાબદેહી સુનિશ્ચિત કરવા અને નાગરિકોમાં સતર્કતા ફેલાવવાના હેતુથી વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમના અંતે વડાએ જણાવ્યું કે પારદર્શક કાર્યપદ્ધતિ અને નૈતિક આચરણ જ સબળ અને ભ્રષ્ટાચારમુક્ત ભારતનું નિર્માણ કરી શકે છે.



કરમસદ - આણંદ મહાનગરપાલિકા ખાતે મહિલા આરોગ્ય અંગે જાગૃતિ શિબિર યોજાઈ

આણંદ | કરમસદ - આણંદ મહાનગરપાલિકાના યુસીડી - એનયુએલએમ વિભાગ અને ઇનરવ્હીલ ડાઉન ટાઉન આણંદના સંયુક્ત ઉપક્રમે મેયર દીપિકાબેન પટેલના માર્ગદર્શન હેઠળ મહિલા આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મુખ્ય વક્તા ગાયનેકોલોજિસ્ટ ડો. પલકબેન ઠક્કરે મેનોપોઝ, PCOD, PCOS, કેન્સર જાગૃતિ અને ૪૦ વર્ષ પછીના જરૂરી હેલ્થ ટેસ્ટ વિશે સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત તેમણે કિશોરીઓ અને તરુણીઓ માટે ઉપયોગી એવી વિવિધ મહત્વપૂર્ણ રસીઓ અંગે વિસ્તૃત માહિતી આપીને મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતાં.



બોરસદના દાવોલ ખાતે 'ઘરેલું હિંસા અધિનિયમ' અંતર્ગત વિશેષ સેમિનાર યોજાયો

બોરસદ | જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, આણંદ દ્વારા બોરસદ તાલુકાના દાવોલ પ્રાથમિક શાળા ખાતે ઘરેલું હિંસા અધિનિયમ - ૨૦૦૫ અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ નીલેશ્વરીબા ગોહિલ તેમજ તાલીમકાર મિતેશભાઈ કડિયાએ કાયદાની ઉત્પત્તિ, જોગવાઈઓ અને તેના અમલીકરણ અંગે ઉપસ્થિતોને વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે કાઉન્સિલર દ્વારા PBSC અને OSC સેન્ટરની કામગીરી તેમજ જેન્ડર સ્પેશિયાલિસ્ટ હરેન્દ્રભાઈ પટેલ દ્વારા વિવિધ મહિલાલક્ષી કલ્યાણકારી યોજનાઓનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.



થવાદ પ્રાથમિક શાળામાં સરદાર પટેલની જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરાઇ



કપડવંજ | કપડવંજ તાલુકાની થવાદ પ્રાથમિક શાળામાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવી, જેમાં દિલ્હીથી પરેડનું સીધું લાઇવ પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સહુએ દેશની એકતા અને અખંડિતતાના શપથ લીધા હતા તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન તલાટી કમ મંત્રી ભાવેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં આચાર્ય કમલેશભાઈ પટેલ, દૂધ મંડળીના સેક્રેટરી અશ્વિનભાઈ પટેલ, આરોગ્ય સીએચઓ પ્રાર્થનાબેન, આંગણવાડી કાર્યકર સેજલબેન, પોલીસ સ્ટાફ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કપડવંજની મહાવીર હાઇસ્કુલમાં પ્રજ્ઞાચક્ષુ શિક્ષકનો ભાવભીનો વિદાય સમારંભ યોજાયો



કપડવંજ | કપડવંજ તાલુકાના ભગવાનપુરા સ્થિત મહાવીર હાઇસ્કુલમાંથી વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલા પ્રજ્ઞાચક્ષુ શિક્ષક રમેશભાઈ પટેલને શાળા પરિવાર દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી. આ વિદાય પ્રસંગે શાળાના આચાર્ય દીપકભાઈ ઝાલા તથા શિક્ષકગણે રમેશભાઈ પટેલને ગિફ્ટ અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન આચાર્ય અને શિક્ષકોએ ભાવસભર પંક્તિઓ રજૂ કરીને રમેશભાઈની શાળા પ્રત્યેની નિષ્ઠા અને સમર્પણ ભાવનાને બિરદાવી હતી. ઉપસ્થિત સૌએ રમેશભાઈનું નિવૃત્ત જીવન દીર્ઘાયુ, નિરોગી અને આનંદમય બની રહે તથા તેમનું માર્ગદર્શન સદાય મળતું રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આણંદમાં સરદાર પટેલની ૧૫૧મી જયંતિ નિમિત્તે 'સ્પેટ ઉત્સવ - નવરાત્રી ૨૦૨૬' ભવ્ય રીતે ઉજવાયો

આણંદ | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ દ્વારા ચંચળબા લલિત કલા એકેડેમીના સહયોગથી SPET ગ્રાઉન્ડ પર ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતી સાંસ્કૃતિક પરંપરા ગરબા-રાસને જીવંત રાખવા અને વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોમાં સાંસ્કૃતિક એકતાનો સંદેશ આપવા આ કાર્યક્રમ યોજાયો હતો. જય પટેલ અને રિકુ પટેલના સૂરીલા કંઠે ચણિયાચોળી, કેડિયું અને પાઘડી જેવા પારંપરિક પોશાકમાં સજ્જ ખેલૈયાઓને રાસની રમઝટે ઝુમાવ્યા હતા. આ કાર્યક્રમમાં રામકૃષ્ણ સેવા મંડળના સેક્રેટરી જ્યોત્સનાબેન પટેલ, મહાનુભાવો, ડોક્ટરો અને SPET પરિવારના ટ્રસ્ટીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



મંજીપુરા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી કરાઈ



નડિયાદ | નડિયાદ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧ દ્વારા મંજીપુરા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી અખંડ ભારતની એકતાને બિરદાવવામાં આવી હતી તથા સૌએ સાથે રહીને 'એકતા દિવસ' ઉજવણીનું લાઇવ પ્રસારણ નિહાળ્યું હતું. આ પ્રસંગે સામાજિક કાર્યકરો શ્રી આર.કે. સોનારા, શ્રી સૂકિતભાઈ પટેલ અને ડાહ્યાભાઈ વાળાનું પદાધિકારીઓ તથા કોર્પોરેટરો દ્વારા શાલ અર્પણ કરી જાહેર અભિવાદન કરાયું હતું.

આણંદમાં RSS વીર સાવરકર શાખા દ્વારા વિજયાદશમી ઉત્સવ અને પથસંચલન યોજાયું

આણંદ | આણંદના અમૂલ નગર વિસ્તારમાં વીર સાવરકર પ્રભાત શાખા દ્વારા વિજયાદશમી ઉત્સવ નિમિત્તે શિસ્તબદ્ધ પથસંચલન અને શસ્ત્રપૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આણંદ વિસ્તારના સંઘચાલકજી ડો. શૈલેષભાઈ ભાવસાર અને મુખ્ય વક્તા તરીકે જિલ્લા કાર્યવાહ ભાવેશભાઈ ત્રિપાઠી ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્ય વક્તા ભાવેશભાઈ ત્રિપાઠીએ રાષ્ટ્રનિર્માણ, સ્વદેશી જાગરણ, કર્તવ્યનિષ્ઠા અને પ્રભુ શ્રીરામના જીવનચરિત્ર પર પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા હતા. સ્વયંસેવકો દ્વારા શારીરિક ક્ષમતાના પ્રયોગોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને કુલ ૧૭૮ જેટલા નગરજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



ચરોતર ઇંગ્લિશ મીડીયમ સ્કૂલમાં 'ગુડ ટચ અને બેડ ટચ' અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ચરોતર ઇંગ્લિશ મીડીયમ સ્કૂલના કે.જી. વિભાગમાં બાળકોમાં નાનપણથી જ વ્યક્તિગત સુરક્ષાની સમજ કેળવવા માટે 'ગુડ ટચ અને બેડ ટચ' વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. આચાર્ય કાર્તિકભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષકોએ સરળ ભાષા, નાટક અને ડમી દ્વારા બાળકોને સુરક્ષિત તથા અસુરક્ષિત સ્પર્શ વિશે પ્રાયોગિક શિક્ષણ આપ્યું હતું. આ માર્ગદર્શન કાર્યક્રમ દ્વારા બાળકોમાં નાનપણથી જ સ્વ-સુરક્ષા અને આત્મવિશ્વાસનો પાયો મજબૂત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વસો કૃષિ મહાવિદ્યાલય ખાતે 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ' ઉજવાયો: ૫૩૦ ખેડૂતો ઉપસ્થિત રહ્યા

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ મહાવિદ્યાલય, વસો ખાતે તાલુકાકક્ષાનો 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ સમારોહ' યોજાયો હતો. આ સમારોહમાં વસો તાલુકાના કુલ ૫૩૦ પ્રગતિશીલ ખેડૂતોએ (૩૫૦ પુરુષો અને ૧૮૦ મહિલાઓ) ઉત્સાહભેર ભાગ લીધો હતો. તાલુકા પંચાયત પ્રમુખ દશરથભાઈ ગોહેલ તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ખેડૂતોએ વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રીય સંવાદ કાર્યક્રમનું વર્ચ્યુઅલ માધ્યમથી જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.



બાકરોલની સ્પેક કોલેજ ખાતે 'વિદેશમાં અભ્યાસ અને કારકિર્દીની તકો' પર મેન્ટરિંગ સેશન યોજાયું

આણંદ | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ ખાતે ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા IRRC ના સહયોગથી T.Y. BBA અને BCA ના વિદ્યાર્થીઓ માટે વિશેષ મેન્ટરિંગ સેશન યોજાયું હતું. આ સેશનમાં અરિસ ઓવરસીઝના મેનેજિંગ ડિરેક્ટર અંકુર પટેલે વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ, પ્રવેશ પ્રક્રિયા અને વૈશ્વિક કારકિર્દીની તકો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય રોજગાર ક્ષેત્રની સંભાવનાઓથી માહિતગાર કરી તેમની કારકિર્દી માટે સક્ષમ બનાવવાનો હતો. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તથા ટ્રસ્ટીગણે સફળતાપૂર્વકના આયોજન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com